# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
## (ગુજરાત સરકારનું ઉપક્રમ)

### જીઆઈડીસીના ફાળવણીદારો માટે અગત્યની સૂચનાઃ-

જીઆઈડીસી ધ્વારા ઔદ્યોગિક વિકાસના હેતુસર ગુજરાત ખાતે વિવિધ વસાહતોની સ્થાપના કરવામાં આવેલ છે અને ઔદ્યોગિક પ્લોટની સાથે સાથે રહેણાંક તેમજ વાણિજય પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ છે. નિગમના નીતિ નિયમ મુજબ ફાળવણીદારને પ્લોટની ફાળવણી થયા તારીખથી / કબજો સોંપ્યા તારીખથી વધુમાં વધુ ૬ વર્ષ સુધી મિલ્કતના ઉપયોગની સમયમર્યાદા વધારી આપવાની જોગવાઈ છે. આમ છતાં જીઆઈડીસી ધ્વારા આ સમયમર્યાદામાં વખતોવખત વધારો કરવામાં આવેલ છે. પરંતુ એવુ ધ્યાને આવેલ છે કે, ફાળવણીદારો ધ્વારા તેઓને ફાળવવામાં આવેલ મિલ્કતનો નિયત સમયમર્યાદામાં ઉપયોગ કરવામાં આવતો નથી અને ૬ વર્ષની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ વપરાશની સમય મર્યાદામાં વધારો કરવા રજુઆતો કરવામાં આવે છે. જેને પરિણામે જીઆઈડીસી ધ્વારા ફાળવવાવમાં આવેલ મિલ્કત વણવપરાશી પડી રહે છે. **પરંતુ હવે પછી તારીખઃ૩૧.૦૩.૨૦૧૭ સુધીમાં જે મિલ્કતની ફાળવણીને ૬ વર્ષ પૂર્ણ થયેલ છે / થવા જાય છે તેવી મિલ્કતનના વપરાશની સમયમર્યાદામાં વધારો કરી આપવામાં આવશે નહિ અને ત્યારબાદ એટલે કે તારીખઃ૦૧.૦૪.૨૦૧૭ થી તમામ વણવપરાશી / ખુલ્લી મિલ્કતોની જી.પી.પી. એક્ટ હેઠળ મિલ્કતનો કબજો પરત લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની તમામ ફાળવણીદારોએ નોંધ લેવી.**

આથી જીઆઈડીસી ધ્વારા ફાળવણીદારો માટે વણવપરાશી / ખુલ્લા પ્લોટ / શેડ ના નિકાલ માટે નીચે મુજબની વિવિધ નીતિઓ અમલમાં મુકેલ હોઈ તેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

૧) ઔદ્યોગિક વણવપરાશી / ખૂલ્લા પ્લોટ / શેડની તબદીલી અંગેની તારીખઃ૦૨.૧૨.૨૦૧૫ થી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે, જેની સમયમર્યાદા તારીખઃ૩૧.૧૨.૨૦૧૬ ના રોજ પૂર્ણ થવા જાય છે.

૨) ખુલ્લા / વણવપરાશી પ્લોટની પેટા વિભાજનની નીતિ તારીખઃ૦૮.૦૬.૨૦૧૬ થી અમલમાં મુકવામાં આવેલ છે. જે મુજબ ફાળવણીદાર મિલ્કતનુ પેટા વિભાજન કરી અન્યને મિલ્કત વેચાણ કરી શકે છે.

૩) પ્લોટ / શેડની સ્વૈચ્છિક પરત સોંપણી અંગેની નીતિ તા.૦૧.૦૨.૨૦૧૬ થી અમલમા મુકેલ છે. જે મુજબ ફાળવણીદાર મિલ્કતનો ઉપયોગ કરી શકે તેમ ન હોય તો તેની જીઆઈડીસીને પરત સોંપણી કરી શકે છે.

સહી/-

તા.૨૫/૧૧/૨૦૧૬

ડી થારા
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર.

ગાંધીનગર.